	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૪/૦૪/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૫૯૭/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૫	૦	૧૩૫	૪૧૩	૦	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૮	૦	૧૦૦૬૮૮	૧૦૯૫૯૧	૦	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩	૩,૦૭,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫	૫,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

રામોલ પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી ગયેલ એક્ટીવા સાથે એક આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના "પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી" નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના "પો.સબ.ઇન્સ.એસ.એમ.ઠાકોર" તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે આવતાં સાથેના પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ તથા એલ.આર. અભીષેક અશ્વિનકુમાર નાઓએ બાતમી હકીકત આપેલ કે એક ઇસમ પોતાની પાસેનુ એકટીવા કોઇ છળ કપટથી કે ચોરી કરેલ છે અને એક્ટીવા સાથે નરોડા સ્મશાન ખાતેથી પસાર થવાનો છે જે હકિકત આધરે સદરી ઇસમને પકડી તેનુ નામ ઠામ પુછતાં તેનુ નામ રાજુ સ/ઓફ ગોવીંદભાઇ રાજપુત ઉ.વ.૨૨ રહે, શનીભાઇની ભંગારની દુકાન ની પાછળ સત્યમનગર રબારી કોલોની અમદાવાદ શહેર મુળવતન- ગામ- નગલાપીપલ તા-જસરાણા જી- ફિરોઝાબાદ ઉત્તરપ્રદેશ નાનો હોવાનુ જણાવેલ બાદ પોતાની પાસેનુ એકટીવા બબતે સખતાઇથી પુછપરછ કરતાં પોતે આ એક્ટીવા થોડા દિવસ પહેલાં રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ જેથી સદર એક્ટીવા જોતા જેની આગળ પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી પરંતુ આગળની નંબર પ્લેટ નથી તેની નેચી સ્કેચ કરેલ છે. જેમાં જીજે-૧-પી.બી-૮૫૭૦ નો નંબર લખેલ હોવાનુ જણાઇ આવેલ તથા એકટીવાનો ચેચીસ નંબર ME4JC448GC7463146 તથા એ.નં-JC44E5463146 નો લખેલ છે. જેની આશરે કિ.રૂ.૨૦,૦૦૦/- ગણી શકાય તે સદર બાબતે રામોલ પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ-૧૧૧૯૧૦૨૪૨૨૦૩૧૪/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય તો સદર આરોપીને ૪૧(૧) ડી મુજબ અટક કરી રામોલ પોલીસ સ્ટેશન જાણ કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૩/૦૪/૨૦૨૨.

આરોપીનુ નામ

રાજુ સ/ઓ ગોવીંદભાઇ રાજપુત ઉ.વ.૨૨ રહે, શનીભાઇની ભંગારની દુકાનની પાછળ સત્યમનગર રબારી કોલોની અમદાવાદ શહેર મુળવતન- ગામ- નગલાપીપલ તા-જસરાણા જી- ફિરોઝાબાદ ઉત્તરપ્રદેશ

મુદ્દામાલ

એક કાળા કલરનુ એક્ટીવા જેનો આર.ટી.ઓ નંબર જીજે-૧-પી.બી-૮૫૭૦ જેનો ચેચીસ નંબર – ME4JC448GC7463146 તથા એ.નં-JC44E5463146 નો લખેલ છે. જેની આશરે કિરૂ, ૨૦,૦૦૦/- ગણી શકાય

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્ક્વોડ પો.સબ.ઇન્સ.એસ.એમ.ઠાકોર તથા હે.કો.સુરેશભાઇ હરજીવનભાઇ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ તથા પો.કો.પીયુષ નટવરલાલ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ તથા પો.કો..પ્રવિણભાઇ વાઘાભાઇ તથા એલ.આર. અભીષેક અશ્વિનકુમાર





પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી

મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારી ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે સંતોષ ઉર્ફે ડીપ્ટી સ/ઓ હિરાલાલ જાતે દોહરે ઉ.વ.૩૨ રહે.૮૯, ડીફેન્સ કોલોની ગલી નં.૨, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-બરૈપુરા તા.થાના.બકૈબર જી.ઈટાવા રાજ્ય ઉત્તરપ્રદેશ નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૭૩૮/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૮૭, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૦૬૫/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૦૮/૨૦૨૨ તા.૦૩/૦૪/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૩/૦૪/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે. તા.૦૩/૦૪/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ. હરકટ

(૨) કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૯૨૧૦

(૩) દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં.૭૬૨૦

(૪) યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬

(૫) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૬) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૭૧ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૬ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૯૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૬૦૦/૨૦૨૨**

ખાડીયાઃ ઉત્સવ નિલ્કેશકુમાર જૈન (ઉ.વ.૨૩) (રહે. આમ્રપાલી ફ્લેટ જવાહરચોક સાબરમતી) માણેક્ચોક ગુસા પારેખની પોળ ચીંતામણી બુલીયન નામની દુકાન ધરાવી સોના-ચાંદીના બુલીયનનો ધંધો કરતા હતા, તેમજ નીકોલ સુર્યકિરણ બંગ્લોઝની બાજુમાં અષ્ટમંગળ ઓર્ચીટ ખાતે રહેતા દીપક રમેશકુમાર સેન (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-શીરોહી જી.રાજસ્થાન) દુકાનમાં નોકર તરીકે રાખેલ હતા. તા.૨૫/૦૩/૨૦૨૨ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે દુકાનમાં કામ કરતા દીપક સેનને માણેકચોક મોચીની ખડકી પાસે મહેતા બુલીયન ખાતે રહેતા મિત્ર પાસેથી પૈસા લેવા ઉત્સવ જૈનનુ એક્ટીવા લઈને મોકલતા દીપક સેને ઉત્સવ જૈનના મિત્ર પાસેથી રૂપિયા ૨૧,૩૭,૪૯૦/- મેળવી લઈ તેમજ એક્ટીવા નંબર જી.જે.૨૭.બી.આર.૫૪૨૦ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- લઇ નાસી જઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૬૦૧/૨૦૨૨**

ઓઢવઃ સુનિતાબહેન વા/ઓ બ્રીજેશભાઈ તીવારી (ઉ.વ.૪૬) (રહે. આનંદ પોલારીસ ફ્લેટ કાનબા હોસ્પીટલ પાસે નિકોલ) તા.૦૩/૦૪/૨૦૨૨ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ બાબા અમરનાથ મંદીર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુનિતાબહેન તીવારીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સુનિતાબહેન તીવારીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૦૨/૨૦૨૨**

જીઆઇડીસી વટવાઃ નિકોલ ખોડીયારમાતાનાં મંદીર પાસે બળીયાદેવનો ટેકરા ખાતે રહેતા અને જીઆઇડીસી વટવા ફેઝ-૪ પ્લોટ નં-૩૮૨૨ પરફેક્ટ બોરીંગ કંપનીમાં કામ કરતા રાજુભાઇ રમણભાઇ ખાંટ (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-લાલપુરા પોસ્ટ-નવાઘરા જી-બાંસવાડા રાજસ્થાન) તા.૦૩/૦૪/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં દસેક ફુટની ઉંચાઇએ મશીન સાફ કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન બપોરના ૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઇડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૦૩/૨૦૨૨**

રામોલઃ નરબહાદુરરાના ખીમેરાના રાના (ઉ.વ.૩૩) (રહે. ગરીબ આવાસ યોજના ચાર માળીયા ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમના લોખંડના દરવાજા સાથે કપડાનો દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

વટવાઃ દિપાબહેન વા/ઓ હરીરામ શ્રીવાસ (ઉ.વ.૨૪) (રહે. ટંકાર વિભાગ-૨ જૈમીનપાર્ક પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૪/૨૦૨૨ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા, સારવાર માટે વેદ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૪/૨૦૨૨ રાતના ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.